


"કેમ બગાસા ખાઓ છો..? રાતના ઉજાગરા છે કે શું ?!"

"હા... સાહેબ...! રાજકીય તમાશા જોવા તો પડેને..! ભલે ભજવીએ નહીં... અઢી વાગે પત્યુ..!! લડાઈ ખરાખરીની હતી એટલે મઝા પડી ગઈ..."

"ઓ... હો...હો...હો... એમાં મજા શું પડી..?! જે જીતવાના હતા એ જીત્યાં..."

"...હા એ જ મજા છે... જે હાર્યા એમને તમારે જીતાડવા હતા... અને અમારે એમને જીતતા રોકવા હતા... લડાઈ આટલી જ હતી..."

"રાજકીય લડાઈ તો આટલી જ હોયને... હાર-જીતની જ વાત હોયને..?! પણ આટલું બધું ટેન્શન શાનું..? સાહેબ ટેન્શન કંઈ ઓછુ હતું..? તોડફોડના બે તજજ્ઞો એક સાથે હોય અને લક્ષ્ય બનાવી દીધું હોય ત્યારે ટેન્શન જ થાય ને..?! આ તો સમયસર ધારાસભ્યોને બેંગ્લોર ના ખસેડ્યા હોત તો અમારી દશા ભુંડી જ હતી... અહેમદભાઈ હારત... કોંગ્રેસ કડકભુસ થાત... અને વિધાનસભાની ચૂંટણી લડવાના હોંશ-કોંશ ના રહેત."

"હા... એ સારૂ કર્યું... ડહાપણનું કામ કર્યું... પણ બેંગ્લોરીયાની કાળી ટીલી ખજુરીયાની જેમ કાયમ રહેશે."

"અમારે માટે છુટકો જ નહોતો સાહેબ..! નહીં તો આ ગરીબ-વંચિત-પીડિત સમાજના ધારાસભ્યો જો લોભ લાલચમાં આવી ગયા હોત તો અમારે તો મોં બતાવવા જેવું રહેત નહીં... પણ ખુમારીપૂર્વક ખમીર જાળવી રાખ્યું... સૌ એક રહ્યા... નેક રહ્યાં...!"

"...તોય તમારા તેર-ચૌદ તો તુટ્યા ને..?!"

"સારૂ થયું... નિષ્ઠાવાળા લોકો રહી ગયા.. બાકી બધા બાપુ સાથે... અને સાચું કહું હવે કોંગ્રેસ બાપુમુક્ત બની ગઈ..!! એટલે જુથવાદ ખતમ થઈ ગયો એવો અંદરોઅંદર ગણગણાટ છે..."

"જોઈએ હવે... મામાનુ ઘર કેટલે... તમારો જુસ્સો કેટલો ટકે છે... અને તમે ભુલો કર્યા સિવાય રાજકીય રમત કેવી રમો છો..?!"

"જોયું નહિ, કાલે શક્તિસિંહે એક જ ઓવરમાં ક્લીનબોલ્ડ કરી નાંખ્યા..!! અને ચૂંટણીપંચે મોડી રાત્રે પણ રાજ્ય સરકાર-કેન્દ્ર સરકારોના દબાણોના પ્રભાવમાં આવ્યા સિવાય શક્તિસિંહની સિંહગર્જનાને સ્વીકારી... અને એક જ ક્ષણમાં માહોલ બદલાઈ ગયો... વિપરીત થઈ ગયો..."

"સાહેબ... સપના ના જોશો... રાજ્યસભા જુદી વાત છે અને વિધાનસભા અલગ છે. હજુ તો તમારા નેતાઓ ટીકિટો માટે ઝગડે તે જોજો ને..!! પછી કહેજો કે... તમારૂ નવસર્જન કેવું રહેશે..?!"

"ના સાહેબ... એવું નથી... તમેય લખી રાખો સામી ભીંતે, જીતીશુ અને જીતીને બતાવીશુ... અમે તો રાખમાંથી ઉભા થયા છીએ... અને ઈતિહાસ બોલે છે... પડકાર જ્યારે મોટો હોય ત્યારે લડાઈનો મીજાજ કંઈક ઓર જ હોય છે..!! આગને પણ બાગમાં ફેરવીશુ અમે..! અમારી ભુલોમાંથી શીખીશું અમે... અને કરીશુ નવસર્જનના સ્વપ્નને સાકાર..."

"અહોહો... ભાષણ ઠોકી કાઢ્યું તમે તો અને એ પણ માઈક વગર... આ તો રાજ્યસભાની હતી... પેલું તો પ્રજાની વચ્ચે જવાનું છે... બહુ ઉતાવળા ના થાઓ... અધીરા ના થાઓ... ધીરજપૂર્વક... સંયમપૂર્વક... શિસ્તપૂર્વક સંગઠન ચલાવો પછી સત્તાના સ્વપ્ના જુઓ..."

"સાહેબ... આ ચૂંટણીએ ઘણું બધું શીખવાડી દીધુ છે... ઘણા બધાં લોકોને ઓળખવાનો મોકો આપ્યો છે... કોણ કેટલી હદ સુધી જુઠુ બોલી શકે તેનો પરચો દેખાડ્યો છે... લોભ અને લાલચમાં કેવું લપસાય છે તે નજરે જોયું છે... સત્તા ને શક્તિનો ઉપયોગ કેવો અને કેટલો થઈ શકે તે નજરોનજર જોયું છે... નાટક જોયાં... તમાશા જોયા... ભવાઈ જોઈ... ઉતાર-ચડાવ જોયા... ધૈર્ય અને ગંભીરતા પણ જોઈ..! આ રાજ્યસભાની ચૂંટણી જેવી પાઠશાળા માત્ર અમારા માટે નહિ... ગુજરાતના રાજકારણ માટે અને ગુજરાતની પ્રજા માટે ઘણું બધું શીખવાડી ગઈ... શિખામણ આપતી ગઈ... અંતે તો વિજય સત્યનો જ થાય છે..."

- નિમિત્ત માત્ર

# આગામી સપ્તાહમાં જિલ્લાની ૨૫૦ શાળાઓમાં ગુજરાત ક્વિઝ સ્પર્ધા યોજાશે

**ગુજરાતી , ઈતિહાસ, ભુગોળ સહીત જનરલ નોલેજના કુલ ૧૧૦૦ પ્રશ્નો જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા તૈયાર કરી શાળાઓના આચાર્યોને અપાશે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર જિલ્લાની ૨૫૦થી વધુ માધ્યમિક શાળાઓમાં આગામી તા ૧૫ થી ૨૩ ઓગષ્ટ દરમિયાન ગુજરાત ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવશે. જેમાં ધો -૬ થી ૮ અને ધો-૯ થી ૧૨ માટે કુલ ૧૧૦૦ પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા છે. વિવિધ વિષય ઉપરાંત જનરલ નોલેજના પ્રશ્નોનો સમાવેશ કરાયો છે. આ પ્રશ્નો જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી શાળાને સુપ્રત કરવામાં આવશે. જયારે પ્રત્યેક શાળાના આચાર્ય દ્વારા આ ક્વિઝનુ આયોજન કરવામાં આવશે.

શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માત્ર પુસ્તિકીયા જ્ઞાન સુધી સિમિત ન રહે પરંતુ અભ્યાસક્રમ ઉપરાંત વિવિધ વિષયો તેમજ સામાન્ય જ્ઞાન અંગે પણ વધુ જાણકારી મેળવી શકે તેવા આશયથી ગુજરાત ક્વિઝ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધા આગામી તા ૧૫ થી ૨૩ ઓગષ્ટ દરમિયાન યોજવામાં આવશે. જેમાં જિલ્લાની ૨૫૦ થી પણ વધુ માધ્યમિક શાળાઓ ભાગ લેશે. જયારે આ સ્પર્ધાને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પ્રશ્નો તૈયાર કરી શાળાના આચાર્યોને સુપ્રત કરી દેવાશે. જેમાં ધો-૬ થી ૮ માટે ૪૦૦ પ્રશ્નો તૈયાર કરાયા છે. જયારે ધોરણ-૮ થી ૧૨ માટે ૭૦૦ પ્રશ્નો તૈયાર કરાયા છે. આ પ્રશ્નો જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જિલ્લાની શાળાઓના આચાર્યોને આપી દેવાશે. જયારે શાળામાં આચાર્ય દ્વારા પ્રશ્નોના આધારે ગુજરાત ક્વિઝ અન્વયે લેખિત કે મૌખિક પ્રશ્નો પુછવામાં આવશે. આ પ્રશ્નો ગુજરાતી ,ઈતિહાસ ભુગોળ તેમજ જનરલ નોલેજ આધારિત પુછવામાં

● અનુસંધાન પાન-૭ પર



**બેસણું**

અ.સૌ તારાબેન પી. અગ્રામ (નિવૃત સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૪ ગાંધીનગર) તા.૦૭/૦૮/૨૦૧૭ ના રોજ દેવલોક પામેલ છે સદ્‌ગત નું બેસણું તા.૧૦/૦૮/૨૦૧૭ ને ગુરુવાર ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: રંગમંચ, સેક્ટર-૨૪ ગાંધીનગર

રાજેશ પી. અગ્રામ
સુનિલ પી. અગ્રામ
તન્મય આર. અગ્રામ

લિ.
પી.એલ અગ્રામ

જયશ્રીબેન આર અગ્રામ
મનીષાબેન એસ અગ્રામ
રીત્વીક એસ અગ્રામ
નિહાર એસ અગ્રામ



વિજયોત્સવ - કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલની રાજ્યસભામાં જીત થતાં ગાંધીનગર ખાતે કોંગ્રેસ પરિવાર દ્વારા આતશબાજી કરી ઉજવણી કરાઈ હતી... કોંગ્રેસના સંખ્યાબંધ કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરી વાતાવરણને ગજાવી દીધું હતું....

# સે. ૨૪ના શ્રીનગર સોસાયટીમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવનો કેસ મળ્યો

**યુવતી હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે : તંત્રએ સઘન સર્વેલન્સ શરૂ કર્યુ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સે. ૨૪માં આવેલ શ્રીનગર સોસાયટીની એક યુવતીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ દર્દી સાથે ગાંધીનગર શહેરમાંથી અત્યાર સુધીમાં દર્દીઓની સંખ્યા પાંચ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે હાલ આ યુવતીની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળેલ છે. આ યુવતીના ભાઈને પણ તાવ-શરદી જણાતા સર્વેલન્સમાં આવરી લઈ ટેમીફ્લુ દવા આપવામાં આવી છે.

આ દર્દીના કોન્ટેક્ટ પર્સન એવા ૭ વ્યક્તીઓને પણ સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવેલ છે અને તે તંત્રના ઓબ્ઝર્વશન હેઠળ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર મેડીકલ કોલેજના પરીક્ષણ રિપોર્ટમાં આ યુવતીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું જણાયુ હતુ. તંત્ર દ્વારા દર્દીના રહેઠાણ અને તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવેલ છે.

# મનપાએ દબાણ અને ઢોરપકડ પાર્ટીની એક-એક ટીમને ચાલુ રાખવાનો નિર્ણય લીધો

**રમત-ગમતની કીટ મુકવાના નિયમો હળવા કરાયા : હોર્ડિંગ્સ મુકવાની એજન્સી નક્કી કરી**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિએ દબાણ શાખા અને રખડતા પશુ પકડવા માટેની એક-એક ટીમ ચાલુ રાખવાનો આજે નિર્ણય કરેલ છે.

અગાઉ આ બન્ને શાખાના કર્મચારીઓને ચોમાસાની ઋતુ અને ઢોરવાડો રિપેરીંગ ન થાય ત્યાં સુધી છુટા કરવાનો નિર્ણય લીધો હતો. આજની બેઠકમાં આ બાબતે પુનઃ વિચારણા કરી એક-એક ટીમ ફરજ પર ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજની આ બેઠકમાં શહેરમાં વિવિધ જગ્યાએ હોર્ડિંગ્સ લગાવવા માટેની એજન્સી નિયત કરી અને તેમાંથી આવકનું સાધન ઉભુ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય ચાર વર્ષ માટે છે. જેમાં પ્રથમ વર્ષે ઈજારદારે આપેલ ભાવ મુજબ નાણાં ચુકવવાના રહેશે આ પછી દર વર્ષે તેમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે. ચોથા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની ફુટપાથો વચાળે જ ગાબડા અસ્તિત્વમાં આવ્યા

**ફુટપાથની જાળવણી પાછળ લાખોનો ખર્ચ કરાયો હતો છતા કપાયેલા વૃક્ષોના થડીયા પણ દુર કરાયા નથી : તંત્રની લાપરવાહી**

ગાંધીનગર તા ૯

શહેરમાં દાયકાઓના અંતે પણ ફુટપાથ નિર્માણની કામગીરી અપુર્ણ છે. જયારે ફુટપાથની જાળવણીનુ કામ પણ યોગ્ય રીતે ન થતા નાગરિકો માટે વોકવે પર જોખમી દ્રશ્યો જોવા મળી રહયા છે. ફુટપાથ પર કપાયેલા વૃક્ષો થડીયા પણ દુર કરાયા નથી. જયારે વરસાદી દિવસોમાં ફુટપાથ પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ચ માર્ગ પર સે-૨ માં જવાના એપ્રોચ માર્ગ પર ફુટપાથ પર મોટુ ગાબડુ ગમે ત્યારે અકસ્માત સર્જે તેવી દહેશત છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ફુટપાથના ગાબડા પુરવા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ ફુટપાથની હાલતમાં કોઈ સુધાર જોવા મળતો નથી.



શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ પણ કેટલાક ઠેકાણે ફુટપાથનુ કામ અપુર્ણ છે. ગત વાઈબ્રન્ટ સમિટ પુર્વે ફુટપાથનુ સમારકામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ ફુટપાથ વચ્ચે આડશ બનતા કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરાયા ન હતા. જેના લીધે હજુ પણ કેટલાક ઠેકાણે વોકિંગ કરનારાઓ માટે વૃક્ષોના

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# અહેમદ પટેલની જીતથી કોંગ્રેસમાં જોમ-જુસ્સો વધ્યો



અમદાવાદ,તા. ૯

ગુજરાતના રાજકારણમાં કયારેય જોવા ના મળ્યા હોય તેવા જબરદસ્ત હાઈવોલ્ટેજ ડ્રામા, થ્રીલર અને સસ્પેન્સ વચ્ચે રાજયસભાની ત્રણ બેઠકો માટેની યોજાયેલી પ્રતિષ્ઠિત ચૂંટણીમાં એહમદ પટેલ બાહુબલી સાબિત થઈ વિજયી બન્યા હતા. તો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઈરાની અપેક્ષા મુજબ જીતી ગયા હતા પરંતુ કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં આવેલા બળવંતસિંહ રાજપૂતને કારમી હારનો સામનો કરવો પડયો હતો. રાજયસભાની ચૂંટણીના પરિણામોની ગુજરાતના રાજકારણમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. હારની બાજી જીતમાં પલ્ટી કોંગ્રેસ એહમદ પટેલને જીતાડવામાં સફળ રહી હતી, જેને પગલે કોંગ્રેસમાં જબરદસ્ત જશ્ન અને ભવ્ય ઉજવણીનો માહોલ છવાયો હતો તો બીજીબાજુ, ભાજપની છાવણીમાં એહમદ પટેલની જીતમાં તેમની થયેલી હારનો ગમ સ્પષ્ટ નજરે પડતો હતો. ભાજપના ચાણકય અમિત શાહ અને કોંગ્રેસના ચાણકય મનાતા એહમદ વચ્ચેની પ્રતિષ્ઠાની લડાઈમાં

● અનુસંધાન પાન-૭ પર

# બળવંતસિંહ રાજપૂત સુપ્રીમમાં ચૂંટણી પરિણામને પડકારશે

**બે મત રદ કરવાના નિર્ણયને અલગથી બે ધારાસભ્યો હાઈકોર્ટમાં પડકારશે**

ગાંધીનગર, તા. ૯

રાજ્યસભાની ગઈકાલે જ સંપન્ન થયેલી ચૂંટણીના પરિણામો પછી હવે ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપૂત દ્વારા તેને સુપ્રિમ કોર્ટમાં પડકારવા માટેની તૈયારીઓ પૂરી થઈ ગઈ છે અને એકાદ-બે દિવસમાં જ તેઓ આ અંગે સુપ્રિમ કોર્ટના દ્વાર ખટખટાવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજપૂત તેમની આ પિટીશનમાં ચૂંટણીપંચની ભૂમિકા સામે પણ કેટલાક મહત્વના સવાલો ઉભા કરી ચૂંટણી કમિશનરની સત્તાઓને પણ પડકારે તેવા સંકેતો મળી રહ્યા છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ

● અનુસંધાન પાન-૭ પર

# નર્મદા યોજનાને રોકવાનું કામ જ કોંગ્રેસે કર્યુ છે : અમિત શાહ

**મોદીએ ગુજરાતને વિશ્વમાં નવી ઓળખ આપી : ભાજપ દ્વારા પરિવારવાદ, જાતિવાદ, તૃષ્ટિકરણની નીતિને જાકારો**

અમદાવાદ, તા.૯

અમિત શાહે ગુજરાતના વિકાસ અને નર્મદા યોજનાને સીધો સંબંધ છે તેમ જણાવતાં કહ્યું કે, દરિયામાં વહી જતા પાણીના ઉપયોગ અંગે ગુજરાતના સપૂત અને દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે વિચાર્યું હતું તે સ્વપ્ન આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાકાર કર્યુ છે. તેમણે કોંગ્રેસ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસનું વલણ નર્મદા માટે હંમેશા વિરોધી રહ્યું છે, જ્યારે જ્યારે કોંગ્રેસ ગુજરાત અને કેન્દ્રમાં સત્તા પર આવી છે ત્યારે નર્મદા યોજનાનું કામ ખોરંભે પડ્યું છે. યોજનાના ખાત મૂહૂર્ત બાદ વર્ષ ૧૯૭૯માં મોરારજીભાઈ દેસાઈની સરકાર અને વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં નરેન્દ્ર મોદીની સરકાર



આવી પછી નર્મદા યોજનાના કામમાં ઝડપ પણ આવી છે. ઉંચાઈ વધારવા અને દરવાજા મુકવા સુધીનું પૂર્ણ કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ધારાસભ્ય હર્ષ સંઘવીના સરદાર સરોવર નર્મદા યોજના સંદર્ભના છેલ્લા દિવસના પ્રસ્તાવમાં ભાગ લેતા શાહે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીએ ૨૬મી મેએ વડાપ્રધાનના શપથ લીધા

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com